# ૩૩ જિલ્લા, ૨૪૮ તાલુકા, કોર્પો. કક્ષાએ ટાસ્ક ફોર્સની રચના કરાઇ

**રાજ્યમાં કોરોના વેક્સિન માટે સજ્જ થતું વહિવટીતંત્ર : ગાંધીનગરમાં મળેલી કેબિનેટબેઠકમાં વેક્સિન રોડમેપની સમીક્ષા કરાઈ, વેક્સીન સેન્ટર ઉપર ૩ અલગ રૂમ રહેશે**

ગાંધીનગર, તા. ૯

ગુજરાતમાં કોવિડ-૧૯ ના વેક્સિનેશન માટે વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ છે. રાજ્યના તમામ ૩૩ જિલ્લા અને ૨૪૮ તાલુકા અને કોર્પોરેશન કક્ષાએ ટાસ્ફ ફોર્સની રચના કરવામાં આવી છે. ગુજરાતમાં કોરોના વેક્સીનેશનને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ગાંધીનગર ખાતે આજે મળેલી કેબિનેટ મીટિંગ બાદ કોરોનાની રસી માટેનો ધમધમાટ શરૂ થયો છે. આજે કેબિનેટ મીટિંગમાં કોરોના વેક્સીન રોડમેપની સમીક્ષા કરવામાં આવી હતી. ગુજરાતમાં કોરોના વેક્સીનની રસી આપ્યા બાદ ૩૦ મિનિટ ઓબ્ઝર્વેશનમાં રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના માટે વેક્સીન સેન્ટર પર ૩ અલગ –અલગ રૂમ હશે. વેક્સિન સેન્ટર પર વેઈટિંગ રૂમ, વેક્સીનેશન રૂમ, ઓબ્ઝર્વેશન રૂમ બનાવવામાં આવશે. આજની કેબિનેટ બેઠકમાં ગુજરાતમાં જિલ્લા વાઈસ તાલુકાના વેકસીનેશન સ્થળ પણ નક્કી કરાયા હોવાની માહિતી હાલ મળી રહી છે. વેકસીન બાબતે જે તે લોકોને આપવાની હશે તેને જીસ્જીથી જાણ કરવામાં આવશે. હાલ કોરોનાની વેકસીન માટે અધિકારી – કર્મચારીઓની ઓનલાઈન ટ્રેનિંગ શરૂ પણ કરી દેવામાં આવી છે.

એટલું જ નહીં, કોરોનાની રસી માટે ટાસ્ક ફોર્સેની રચના કરી જરૂરી આયોજન પણ કરી લીધું છે. ગુજરાતમાં વેક્સિનના સ્ટોરેજ માટે ઝોન કક્ષાએ ૬ વેક્સિન સ્ટોર, જિલ્લા અને કોર્પોરેશન કક્ષાએ ૪૧ સ્ટોર અને છેક અંતરિયાળ વિસ્તાર સુધી પહોંચવા ૨,૧૮૯ કોલ્ડ ચેઈન પોઈન્ટ આજની પરિસ્થિતિએ ઉપલબ્ધ રાખવમાં આવ્યા છે તમામ સ્ટોર ખાતેના સાધનોનું ટેકનિકલ ઓડિટ પણ પૂર્ણ કરવામાં આવ્યું છે.

વેકસીનને લઈ ભારતના લોકો માટે સૌથી મોટી રાહતની વાત એ છે કે આગામી કેટલાક અઠવાડીયામાં અહીં કેટલીક કોરોના રસીના ઉપયોગની ઈમરજન્સી મંજૂરી આપી શકાય છે. સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે સીરમ ઈન્સટીટ્યૂટ ઓફ ઈન્ડિયા અને ભારત બાયોટેકએ વેકસીના ઈમરજન્સી ઉપયોગ માટે અરજી કરી છે. વેક્સીનેશન માત્ર કેંદ્ર અથવા રાજ્ય સરકારની જ જવાબદારી નથી પરંતુ તેમાં સામાન્ય લોકોને પણ ભાગીદાર થવું પડશે. સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે કોરોના રસીને લઈ કેંદ્ર તરફથી રાજ્ય અને કેંદ્ર શાસિત પ્રદેશોના સહયોગથી તેના પર કામ કરી રહ્યા છીએ.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૩૧૮ કેસ

## રાજ્યમાં કોરોનાથી ૧૩નાં મૃત્યુ : અત્યાર સુધીમાં કુલ ૮૪૩૨૦૯૪ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૦૪૬૬૧ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા છે

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં હવે ધીરે-ધીરે કોરોના વાયરસના નવા કેસોમાં ઘટાડો નોંધાયો છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૩૧૮ કેસ નોંધાયા છે અને આ સાથે અત્યાર સુધીમાં નોંધાયેલા કોરોના વાયરસના કુલ કેસનો આંકડો ૨૨૨૮૧૧ પર પહોંચ્યો છે. જ્યારે બીજી બાજુ છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના ૧૫૫૦ દર્દીઓ સાજા થઈને પરત ફર્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના કારણે વધુ ૧૩ દર્દીઓના મોત થતાં કુલ મૃત્યુઆંક ૪૧૨૩ થયો છે. જ્યારે ગુજરાતમાં અત્યાર સુધીમાં ૨૦૪૬૬૧ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૧.૮૫ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૬૦૬૬૧ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૯૩૩.૨૫ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૮૪૩૨૦૯૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫૫૪૯૯૩ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૫૪૮૫૮ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૩૫ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૪૦૨૭ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૭૫ છે. જ્યારે ૧૩૯૫૨ લોકો સ્ટેબલ છે. ૨૦૪૬૬૧ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૧૨૩ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૧૩ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૮, સુરત કોર્પોરેશન ૨, અમરેલી ૧, બનાસકાંઠા ૧, રાજકોટ કોર્પોરેશન ૧, વ્યક્તિ સહિત કુલ ૧૫ દર્દીનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

# પાર્થિવ પટેલે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તી જાહેર કરી

**૧૭ વર્ષની નાની વયે ટેસ્ટ પ્રવેશ કરનારા વિકેટકીપરે વન-ડે અને ટી૨૦માં પણ દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું**

ભારતીય ટેસ્ટ ક્રિકેટર અને ગુજરાતની ટીમના કેપ્ટન પાર્થિવ પટેલે ક્રિકેટની તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની બુધવારે સત્તાવાર જાહેરાત કરી છે. ગુજરાતના વિકેટકીપર બેટ્સમેને ક્રિકેટમાં



અંદાજે બે દાયકા સુધી મહત્વનું યોગદાન આપ્યું છે. પાર્થિવ પટેલ ૧૭ વર્ષની ઉંમરે ભારત તરફથી ટેસ્ટ ક્રિકેટ રમનાર સૌથી યુવા ખેલાડી બન્યો હતો. તેણે તેના ૩૬માં જન્મદિવસના ત્રણ મહિના અગાઉ જ ક્રિકેટમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી દીધી છે.

પાર્થિવ પેટેલે તેના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી એક પોસ્ટ શેર કરીને જણાવ્યું હતું કે, 'આજરોજ હું ક્રિકેટની તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરું છું અને આની સાથે જ મારી ૧૮ વર્ષની ક્રિકેટ કારકિર્દી પર પડદો પાડી રહ્યો છું. આ ક્ષણે મારા મનમાં અનેક લોકો પ્રત્યે કૃતજ્ઞતાનો ભાર અનુભવું છું.

પાર્થિવે સૌરવ ગાંગુલીની કેપ્ટનશિપમાં ૧૭ વર્ષ અને ૧૫૩ દિવસની ઉંમરે ભારતીટ ટેસ્ટ ટીમમાં પદાર્પણ કર્યું હતું. ગુજરાતી વિકેટકીપર બેટ્સમેને ભારત તરફથી ૨૫ ટેસ્ટ, ૩૮ વન-ડે અને બે ટી૨૦ રમી હતી. ડાબોડી બેટ્સમેને તમામ ફોર્મેટમાં ૧,૬૯૬ રન કર્યા હતા જે પૈકી ૯૩૪ રન (૬ અડધી સદી સાથે) ટેસ્ટ મેચમાં ફટકાર્યા હતા. વન-ડેમાં ચાર અડધી સીથી અને ૯૫ રનના સર્વોચ્ચ સ્કોર સાથે ૭૩૬ રનન કર્યા હતા. ટેસ્ટમાં પાર્થિવે સ્ટમ્પ પાછળ ૭૨ શિકાર ઝડપ્યા હતા જેમાં ૬૨ કેચઆઉટ અને ૧૦ સ્ટમ્પ આઉટસનો સમાવેશ થાય છે.

# ૫૦થી ઉપરના વ્યક્તિઓનો ડેટા બેઝ સરકાર બનાવશે

**ગુજરાતમાં કોરોના વેક્સિનની પૂર્વ તૈયારી : કોરોના મહામારી વચ્ચે રાહતના સમાચાર એ છે કે, કોરોના વેક્સિન થોડા સમયમાં આવવાની શક્યતા વ્યક્ત કરાઇ**

ગાંધીનગર,તા.૯

કોરોના મહામારી વચ્ચે રાહતના સમાચાર એ છે કે, કોરોના વેક્સિન થોડા સમયમાં આવવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. જેથી વેક્સિન આપવા માટે ગુજરાતનાં આરોગ્ય વિભાગે આપેલી સૂચના પ્રમાણે ૫૦થી વધુ ઉંમરની વ્યક્તિઓ અને ૫૦ વર્ષની નીચેની વ્યક્તિઓ કે જેઓ અન્ય રોગ ધરાવતા હોય તેમનો ડેટાબેઝ તૈયાર કરવાનું કહેવામાં આવ્યું છે. આ ડેટા બેઈઝ તૈયાર કરવા માટે ૧૦થી ૧૩ ડિસેમ્બરના રોજ મતદાન મથકના વિસ્તાર મુજબ વિવિધ સર્વે ટીમો દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે કરી વ્યકિતની ઉંમરથી લઈ તેનો મોબાઈલ નંબર સહિત, તે જો કોઈ પ્રકારના રોગથી પીડાતો હોય તો એની પણ અલગથી નોંધ કરવા આદેશ કરવામાં આવ્યો છે.

૧૪થી ૧૬ ડિસેમ્બર સુધીમાં બે અલગ પ્રકારના ડેટાબેઈઝ તૈયાર કરવા તમામ મ્યુનિસિપલ કોર્પોરેશન, કલેકટર હસ્તકના વિસ્તારો માટે રાજયના આરોગ્ય વિભાગ તરફથી કામગીરી કરવાનો આદેશ અપાયો છે. રાજયના આરોગ્ય કમિશનર તરફથી કોવિડ વેકિસનને અંગે જાહેર કરેલા પરિપત્રમાં પચાસ વર્ષથી વધુ ઉંમર ધરાવતા અને પચાસ વર્ષથી ઓછી ઉંમરના કોમોર્બિડિટી ધરાવતા (અન્ય બીમારી હોય તેવુ) નાગરિકોના નામ, સરનામા અને મોબાઈલ નંબર સાથેનો ડેટાબેઝ તૈયાર કરવા કહેવામાં આવ્યું છે. ડેટા બેઈઝ તૈયાર કરાવવા કેન્દ્ર સરકારની ગાઈડલાઈનને અનુસરવાનું રહેશે. મ્યુનિ. હદમાં મ્યુનિસિપલ કમિશનર ઉપરાંત જિલ્લા કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારી અને કલેકટરના સંકલનમાં ચૂંટણી સમયે મતદાન મથક મુજબ ટીમની રચના કરવામાં આવશે. એ પ્રમાણે મતદાન મથક મુજબ ડેટા તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત કોમોર્બિડિટીમાં કેન્સર, અવયવ ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યા હોય તો તેની વિગત, કિડનીના રોગ, હૃદયના રોગ, થેલેસેમિયા, સીકલ સેલ એનેમિયા, એચ.આઈ.વી., માનસિક રોગો તેમજ અસાધ્ય રોગો જેવી બાબતો ધ્યાનમાં લેવાની રહેશે. તમામ ડેટાબેઈઝ ૧૭ ડિસેમ્બર સુધીમાં રાજયના આરોગ્ય વિભાગને મોકલી આપવાનો રહેશે.

# શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં યોગીન્દ્રવર્ય સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીબાપાની ભાગવતી મહાદીક્ષા જયંતી ઉજવાઈ

**યોગીરાજ સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીબાપાને આજે સં. ૧૮૬૪ કારતક વદ ૮ ના શુભ દિને હરિએ ગઢપુરમાં ભાગવતી મહાદીક્ષા આપી હતી.**

ગર્ભસિદ્ધ યોગીરાજ ગોપાળાનંદ સ્વામીબાપા આ સંપ્રદાયના એક મહાન યોગીપુરૂષ હતા. યોગી તરીકે તેમની શક્તિ સૂર્ય-ચંદ્રની ગતિમાં પણ ફેરફાર કરી શકતી. અનેક ઐશ્વર્યોના સ્વામી હોવા છતાં શ્રીહરિનું દાસત્વ તેમની આગવી છાપ હતી.

યોગીઓના સમુહમાં તેઓ જગવંદ્ય યોગીરાજ કહેવાય છે. અપાર શક્તિ સામર્થ હોવા છતાં તેમણે ક્યારેય પોતાના માટે તેનો ઉપયોગ નથી કર્યો. છતાં અવારનવાર દુ:ખી ભકતોના પ્રાર્થનાથી તેમનુ સંત હૃદય દ્રવી



ઉઠતુ ત્યારે તેમના યોગ સામર્થ્યના વિજયમકારા જોવા મળતા. સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીબાપાએ આશરે સાડાચાર દાયકાઓ સુધી સત્સંગની સેવા બજાવી છે. શ્રીજી મહારાજ અતંર્ધાન થયા પછી લગભગ ૨૨ વર્ષ સુધી સત્સંગને ફેલાવવા, સુદઢ બનાવવા શિરછત્ર બન્યા હતા.

ભૂમંડળ સ્થિત તીર્થોત્તમ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં સાંજે સંધ્યા આરતી બાદ યોગીન્દ્રવર્ય સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીબાપા ૨૧૩મી ભાગવતી મહાદીક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરૂષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના અનુગામી પરમ પૂજ્ય આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીએ યોગીન્દ્રવર્ય ગોપાળાનંદ સ્વામીબાપાનું પૂજન. અર્ચન, પુષ્પ હાર પહેરાવી, થાળ ધરાવી અને આરતી ઉતારી હતી. ત્યારબાદ પૂજય સંતોએ પણ આરતી ઉતારવાનો અલભ્ય લાભ લીધો હતો. આ પાવન અવસરે પૂજનીય સંતોએ પણ મહિમાગાન કર્યુ હતુ.

# અમદાવાદમાં પાડોશીઓ વચ્ચે મારામારી એકબીજાની સામે ફરિયાદ

સાબરમતી પોલીસ સ્ટેશનમાં બે પાડોશીઓએ એક બીજાના પરિવારજનો સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં પોલીસ પરિવાર સામે આક્ષેપ કરનાર યુવકે માર માર્યો હોવાની ફરિયાદ નોંધાવી છે. જ્યારે આ પોલીસ કર્મીના પરિવારજનોએ પણ ફરિયાદ નોંધાવી છે અને જણાવ્યુ છે કે, તેમનો પાડોશી અવારનવાર પોલીસ ખાતા વિશે બોલતો હતો અને પોલીસ કર્મી તેની ડ્યુટી ઉપર જતો હતો ત્યારે પોલીસ કર્મીને લુખ્ખો કહીને પબ્લિકને હેરાન કરશે તેવું કહીને માર માર્યો હતો. સમગ્ર બાબતને લઈને બંને પક્ષની સામે ફરિયાદ નોંધી સાબરમતી પોલીસે તપાસ શરૂ કરી છે. સાબરમતીમાં નોંધાયેલી પહેલી ફરિયાદ પોલીસકર્મીના પરિવારજનો સામે નોંધાઈ છે. શહેરના ન્યુ રાણીપ આવેલી અયોધ્યાનગર સોસાયટીમાં રહેતા સંજયભાઈ કોષ્ટિ તેમના પરિવાર સાથે રહે છે અને આંબાવાડી ખાતે એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે. તેમના ઘરની સામેના મકાનમાં શક્તિસિંહ વાઘેલા તથા મુન્નાભાઈ વાઘેલા તથા તેમના પિતા સુખદેવસિંહ તથા તેમના માતા સહિતના લોકો રહે છે. વર્ષ ૨૦૧૨થી તેઓ સંજયભાઈ સાથે નાની-નાની બાબતોમાં ચાલી ઝઘડો કરતા હોવાથી તેઓની સામે સંજયભાઈએ અનેક વખત અરજીઓ કરી છે. સંજયભાઈ તેમના ઘરે હતા તે દરમિયાન તેઓ તેમની દીકરીને લઈને સોસાયટીના ગાર્ડનમાં રોડ ઉપર ફરતા હતા. ત્યારે ગાર્ડનમાં રોડ ઉપર તેમની સામે રહેતા શક્તિસિંહ વાઘેલા આવી ગયા હતા અને વગર કારણે સંજયભાઈને અપશબ્દો બોલ્યા હતા.

# વડવાની કેમિકલ કંપનીઓમાં પ્રચંડ આગ

**૪૦ ફાયર ફાઇટરની ગાડી અને ૧૦૦ જેટલા જવાનોએ ભારે જહેમતથી આગ પર ત્રણ કલાક બાદ કાબૂ મેળવ્યો**

અમદાવાદ,તા.૯

અમદાવાદમાં બુધવાર મોડી રાતે સડા બાર વાગ્યાની આસપાસ વટવા-વિંઝોલ રેલવે ફાટક પાસેની કેમિકલ કંપનીમાં ભીષણ આગ લાગવાની ઘટના બની છે. આ દૂર્ઘટનામાં પહેલા માતંગી એન્ટરપ્રાઈઝ અને તે બાદ જક્ષય કેમિકલ કંપનીમાં આગ લાગી હતી જે બાદ આસપાસની ચાર જેટલી અન્ય કંપનીઓમાં આગ ફેલાઈ ગઈ હતી. સદનસીબે, આ દૂર્ઘટનામાં હજી કોઈ જાનહાનીના સમાચાર મળ્યા નથી. ઘટનાની જાણ થતા વટવા પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આ પ્રચંડ આગ લાગવામાં કારણે એક ખાનગી ટ્રક સળગી ઉઠી છે આ ઉપરાંત આસપાસમાં રહેલા ૨૦ જેટલા ઝૂંપડા બળીને ખાખ થઈ ગયા છે. આગ લાગતા ઝૂંપડામાં રહેતા શ્રમિક પરિવારો પર પોતાનો જીવ બચાવીને ભાગ્યા હતા પરંતુ તેમની તમામ જીવનજરૂરી વસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ છે. આ આગ એટલી પ્રચંડ હતી કે, ફાયર બ્રિગેડે બ્રિગેડ કોલ જાહેર કરી દીધો હતો. આમાં ૪૦ ફાયર ફાઈટરની ગાડીઓ અને ૧૦૦ જેટલા જવાનાએ મળીને આગ પર આશરે ત્રણ કલાકની જહેમત બાદ મહત્તમ કાબુ મેળવ્યો હતો. જેના કારણે કંપનીઓની આસપાસ




રહેતા સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો હતો. હજી સવારના સાત વાગ્યે પણ કેટલીક જગ્યાએ આગ બુઝાઈને ફરીથી પ્રજવ્લિત થઈ રહી છે. અહીં આગને કારણે એટલો ધુમાડો છે કે, ફાયરના જવાનોને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ આગ એટલી ભીષણ હતી કે તેના આગની જ્વાળાઓ દૂરથી દેખાતી હતી. આ કેમિકલ કંપનીઓમાં આગ લાગવાને કારણે અંદર રહેલા કેમિકલના જથ્થામાં અનેક ધડાકાઓ પણ થયા હતા જે ઈશનપુર સુધી સંભળાતા હતા. જેના કારણે આસપાસના સ્થાનિકોમાં પણ ઘણો ફફડાટ ફેલાયો હતો. આસપાસના રહીશો આ પ્રચંડ ધડાકાને કારણે ઉંઘમાંથી જાગી ગયા હતા. મોડીરાત્રે વટવા જીઆઈડીસીના ફેઝ ૨માં આગ લાગી છે.

### સંકલનનો અભાવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે એક દર્દીને સારવાર માટે સિવિલમાં તો એક દર્દીને એસ.ટી.સી.ના કોવિડ કેર સેન્ટરમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ધોળાકુવા ગામે પણ ઘણા દિવસોના વિરામ બાદ કેસ નોંધાતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

શહેરમાં આજે સે. ૩ માંથી ૪ કેસ ઉપરાંત સે. ૧૨, ૨૮, ૧૩, ૨ અને ૫ માંથી ૨-૨ કેસ તેમજ ધોળાકુવા, સે. ૬, ૧૬, ૧, ૭, ૮, ૨૩માં કેસ નોંધાયા છે.

શહેરમાં આજે વધુ ૨૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૨૨૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

શહેરમાં કોરોનાના કેસો સંવેદનશીલ વિસ્તારોમાંથી જે રીતે મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

### બંધ કરવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને બાકીના રુપિયા ચૂકવવાની પ્રોસેસ હાલ ચાલુ છે. અગાઉ આ બિલ ચૂકવવામાં ૧૦-૧૫ દિવસનો સમય લાગતો હતો. જોકે, હવે તેમાં ઝડપ આવી છે અને પ્રાઈવેટ હોસ્પિટલોને નિયમિત પોતાના નાણાં મળી રહ્યા છે તેવું અમદાવાદ હોસ્પિટલ્સ એન્ડ નર્સિંગ હોમ્સ એસોસિએશન (એએચએનએ)ના પ્રમુખ ડૉ. ભરત ગઢવી જણાવે છે.

એસોસિએશનની અન્ય એક મેમ્બર હોસ્પિટલના જણાવ્યા અનુસાર, શરુઆતમાં કોર્પોરેશન દ્વારા બિલ ચૂકવવામાં એક મહિના જેટલું મોડું કરાતું હતું, જેના કારણે હોસ્પિટલોએ નવા દર્દીઓ એડમિટ કરવાનો ઈનકાર કરી દીધો હતો. જોકે, હવે પેમેન્ટ નિયમિત મળી રહ્યું છે. ઘણી વાર તો એકાદ સપ્તાહમાં જ બિલ ક્લિયર થઈ જાય છે. કોર્પોરેશનના અધિકારીઓનું માનીએ તો એસવીપીમાં થયેલા ખર્ચાને પણ જો ઉમેરી દઈએ તો અત્યારસુધી કોરોનાના દર્દીઓની સારવાર કરવામાં ૪૦૦ કરોડ રુપિયાનો ખર્ચો થઈ ચૂક્યો છે. મે મહિનામાં કોર્પોરેશન દ્વારા હસ્તાંતરિત કરાયેલા બેડમાં ૨૦૭૪ દર્દીઓએ સારવાર લીધી હતી. જોકે, મે મહિનાથી કોર્પોરેશન હસ્તકના બેડમાં કોઈ વધારો નથી કરાયો. જેનું કારણ

આપતા કોર્પોરેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, તેની પાછળ ખૂબ જ મોટો ખર્ચો થઈ રહ્યો છે. આ કારણે જ તાજેતરમાં જ્યારે શહેરમાં કોરોનાના દર્દીઓ માટેના બેડ વધારવાની જરુર પડી ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૧૦૦ બેડની સવલત ઉભી કરવામાં આવી હતી, અને એસવીપીમાં બેડ વધારવામાં આવ્યા હતા પરંતુ પ્રાઈવેટ હોસ્પિટલોને તેમાંથી બાકાત રખાઈ હતી.

અત્યારસુધી કોર્પોરેશન દ્વારા સંપાદિત કરાયેલી પ્રાઈવેટ હોસ્પિટલોમાં ફ્રીમાં મળતી સારવાર હવે લાંબો સમય ના ચલાવી જોઈએ તેમ પણ કોર્પોરેશનના અધિકારીઓ માને છે. કારણકે, એએમસીને ખાલી બેડના પણ ચાર્જ ચૂકવવા પડે છે. જ દર્દીઓ ફ્રીમાં ટ્રીટમેન્ટ કરાવવા માગે છે તેમને પ્રાઈવેટ હોસ્પિટલને બદલે એસવીપી, સોલા સિવિલ કે અસારવા સિવિલ હોસ્પિટલમાં જવું પડશે.

જે પ્રાઈવેટ હોસ્પિટલોમાં કોર્પોરેશને બેડ હસ્તગત કર્યા છે તેમાં આઈસોલેશન બેડ જો ખાલી હોય તો રુ. ૭૨૦ અને ભરેલા બેડના ૧૮૦૦, આઈસોલેશન અને હાઈ ડિપેન્ડન્સી યુનિટ ખાલી હોય તો ૧૦૮૦ અને ભરેલુ હોય તો ૨૭૦૦, આઈસોલેશન અને આઈસીયુ વેન્ટિલેટર વિનાઃ ખાલી હોય તો રુ. ૧૪૪૦ અને ભરેલાના ૩૬૦૦, આઈસોલેશન અને આઈસીયુ વેન્ટિલેટર સાથેઃ ખાલીના ૧૮૦૦, ભરેલાના રુ. ૪૫૦૦. (તમામ ચાર્જ દૈનિક છે.)

### પસ્તાવ ફગાવ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂત સંગઠનોના આગેવાનોએ બાદમાં તેની પર વિગતવાર ચર્ચા કરી હતી અને આખરે નિર્ણય લીધો કે આ પ્રસ્તાવ સ્વીકારવાને લાયક નથી. જ્યાં સુધી સરકાર આ કાયદાઓને રદ ન કરે ત્યાં સુધી દિલ્હીના હદ વિસ્તારમાં શાંત દેખાવો-આંદોલન ચાલુ રાખવાનું પણ તેમણે નક્કી કર્યું છે. ખેડૂતોના ૧૩ સંગઠનો સાથે સંકળાયેલા હજારો છેલ્લા એક પખવાડિયાથી આ આંદોલન પર બેઠાં છે.

ખેડૂતોએ એમ પણ કહ્યું છે કે તેઓ ૧૨ ડિસેમ્બરે દિલ્હી-જયપુર હાઈવે પર વાહનોને અટકાવશે અને ૧૪ ડિસેમ્બર સુધીમાં આંદોલનને વ્યાપક બનાવાશે. ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે ખેડૂત આગેવાનોની ગઈ કાલ સાંજની બેઠક પણ નિષ્ફળ ગઈ હતી.

સરકાર તરફથી આંદોલન કરી રહેલા ખેડૂતોને લેખિતમાં પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે. જેમાં મુખ્ય રીતે સ્જીઁનો ઉલ્લેખ કરાયો છે. આ ઉપરાંત સરકાર તરફથી પ્રસ્તાવમાં કોન્ટ્રાક્ટ ફાર્મિંગ, મંડી સિસ્ટમમાં ખેડૂતોને સગવડ આપવા અને પ્રાઈવેટ પ્લેયર્સ પર ટેક્સ લગાવવાની વાત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે પંજાબ, હરિયાણા અને અન્ય રાજ્યોના ખેડૂતો કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાઓ સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ આંદોલન દિલ્હી બોર્ડર પર થઈ રહ્યા છે અને તેના ૧૪માં દિવસે પણ બંને પક્ષો વચ્ચે થયેલી વાટાઘાટોના કોઈ ચોક્કસ પરિણામ આવ્યા નથી.

### સેન્સેક્સ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તે ૧૩,૫૪૮.૯૦ ની ઓલટાઈમ ઉચ્ચ સપાટીને પણ સ્પર્શી હતો. સેન્સેક્સ કંપનીઓમાં એશિયન પેઈન્ટ્સના શેરમાં લગભગ ત્રણ ટકાનો વધારો થયો છે. કોટક બેંક, એક્સિસ બેંક, એચડીએફસી બેંક, ઈન્ફોસીસ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને આઈટીસી પણ નફાકારક હતા. બીજી તરફ, અલ્ટ્રાટેક સિમેન્ટ, ટાટા સ્ટીલ, મારુતિ, એસબીઆઈ અને બજાજ ઓટોમાં ઘટાડો થયો છે. રિલાયન્સ સિક્યોરિટીઝના હેડ-સ્ટ્રેટેજી વિનોદ મોદીએ જણાવ્યું હતું કે, આજે સ્થાનિક બજારોમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો અને સેન્સેક્સ અને નિફ્ટી નવા રેકોર્ડ પર બંધ થયા છે. વૈશ્વિક બજારોમાં મજબૂત વૃદ્ધિને પગલે સ્થાનિક બજારોમાં પણ વધારો થયો. હોંગકોંગમાં હેંગસેંગ, દક્ષિણ કોરિયામાં કોસ્પી અને જાપાનની નિક્કી એશિયાના અન્ય બજારો લાભમાં રહ્યા હતા. ચીનના શાંઘાઈ કમ્પોઝિટમાં ઘટાડો થયો. શરૂઆતના વેપારમાં યુરોપિયન બજારો નફામાં હતા. દરમિયાન, વૈશ્વિક બેંચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ઓઈલ વાયદો ૦.૯૬ ટકા વધીને ૪૯.૩૧ ડોલર પ્રતિ બેરલ રહ્યો હતો. ઈન્ટરબેંક વિદેશી વિનિમય બજારમાં રૂપિયો ત્રણ પૈસા વધીને ૭૩ ૭૩. (પ્રોવિઝનલ) પર પહોંચી ગયો છે.

બીએસઈ સેન્સેક્સની જ વાત કરીએ તો, આજે સૌથી વધુ ઉછળનારા શેર્સમાં એશિયન પેઈન્ટ્સ, કોટક બેંક, એચડીએફસી બેંક, ઈન્ફોસિસ, એક્સિસ બેંક, રિલાયન્સ અને આઈટીસી ટોચ પર રહ્યા હતા. આઈટીસીના શેરે આજે ૨૦૦ રુપિયાની સપાટી વટાવી હતી અને તે ૨૦૫ રુપિયાના સ્તરે બંધ આવ્યો હતો. આ ઉપરાંત, એચયુએલ, ઈન્ડસિન્ડ બેંક, બજાજ ફાઈનાન્સ, એલએન્ડટી, એચસીએલ અને ટીસીએસ પણ વધ્યા હતા.. બેંક, આઈટી અને એફએમસીજી શેર્સમાં આજે લેવાલી જોવા મળી હતી તો બીજી તરફ મેટલ અને ઓટો શેર્સમાં આજે નબળાઈ દેખાઈ હતી. આજે ઘટનારા નિફ્ટી શેર્સમાં હિન્દાલ્કો, શ્રીસિમેન્ટ, અલ્ટ્રાટેક, મારુતિ, ટાટા સ્ટીલ, બજાજ ઓટો ટોચ પર રહ્યા હતા.

### નિર્મલા સીતારામન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

'સીતારમણ આ યાદીમાં ૪૧ મા સ્થાને છે, નાદર મલ્હોત્રા ૫૫ મા અને મજુમદાર શો નંબર ૬૮. આ યાદીમાં લેન્ડમાર્ક જૂથના વડા રેણુકા જગતિયાણી ૯૮ મા ક્રમે છે. મર્કેલ સતત દસમા વર્ષે પ્રથમ સ્થાન ધરાવે છે.

ફોર્બ્સે કહ્યું, 'મર્કેલ યુરોપનો અગ્રણી નેતા છે અને જર્મનીના નાણાકીય સંકટને પહોંચી વળીને જર્મનીની સૌથી મોટી અર્થવ્યવસ્થાનું નેતૃત્વ કરી રહ્યા છે. મર્કેલનું નેતૃત્વ અત્યંત મજબૂત રહ્યું છે, તેણે ડોનાલ્ડ ટ્રમ્પનો વિરોધ કર્યો, એક મિલિયનથી વધુ શરણાર્થીઓને જર્મનીમાં રહેવાની મંજૂરી આપી. લોકો હવે સૌથી મોટો સવાલ પૂછે છે કે મર્કેલની મુદત પૂરી થયા પછી કોણ તેની જગ્યા લેશે. ''યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના નવા ચૂંટાયેલા ઉપરાષ્ટ્રપતિ હેરિસ આ પદ પર આવેલ પહેલી અશ્વેત મહિલા છે. આ યાદીમાં તે ત્રીજા સ્થાન પર છે.

આ યાદીમાં ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી જેસિંડા આર્ડર્ન બીજા સ્થાને છે, ફોર્બ્સે અહેવાલ આપ્યો છે કે તાઈવાનના રાષ્ટ્રપતિ સાઈ ઈંગ વેન ૩૭મા સ્થાને હતા, જેમણે જાન્યુઆરીમાં કોરોના વાયરસના દર્દીઓના સંપર્કમાં આવતા લોકોને શોધી કાઢવા માટે એક મુશ્કેલ પ્રોગ્રામ અમલમાં મૂક્યો હતો. આ વર્ષની યાદીમાં ૧૭ નવા લોકોનાં નામ શામેલ છે, જે દર્શાવે છે કે ''વૈશ્વિક રોગચાળા દ્વારા બદલાતા સમાજનાં દરેક પાસામાં મહિલાઓ અગ્રેસરની ભૂમિકા નિભાવી રહી છે''.

આ યાદીમાં બિલ અને મિલિંદા ગેટ્સ ફાઉન્ડેશનના સહ અધ્યક્ષ મિલિંદા ગેટ્સ (પાંચમા સ્થાને), યુએસ હાઉસની સ્પીકર નેન્સી પેલોસી (સાતમા સ્થાને), ફેસબુકના મુખ્ય ઓપરેટિંગ અધિકારી શેરીલ સેન્ડબર્ગ (૨૨મા સ્થાને), યુકેના વડા પ્રધાન શેખ હસીના (૩૯મા સ્થાને), યુકે ક્વીન એલિઝાબેથ બીજા (૪૬મા સ્થાને), પ્રખ્યાત કલાકારો રીહાના (૬૯મા સ્થાને) અને બેયોન્સ (૭૨મા સ્થાને) છે.

### ઠાર કરાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આતંકવાદી જંગલની તરફ ભાગવા લાગ્યા. પછી એક્રાઉન્ટર શરૂ થયું જેમાં ૪ આતંકવાદીઓને ઢાળી દેવામાં આવ્યા હતા. નોંધનીય છે કે, નરગોટામાં પહેલા ૬ નવેમ્બર ૨૦૨૦ના રોજ દક્ષિણ કાશ્મીરના પુલવામા જિલ્લાના મેજ પંપોર વિસ્તારમાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે એક્રાઉન્ટર થયું હતું. એક્રાઉન્ટર બીજા દિવસ સવાર સુધી ચાલ્યું હતું. આ એક્રાઉન્ટરમાં એક આતંકવાદી ઠાર મરાયો હતો. બીજી તરફ એકને સરેન્ડર કરવા માટે મજબૂર પણ કર્યો હતો. આ એક્રાઉન્ટર દરમિયાન બે સ્થાનિક લોકો પણ ઘાયલ થયા હતા, જેમાંથી એકનું મોત થયું હતું.